सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| રજૂ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૦૪/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | મહિનો | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૩ |

**મહે. ખેડા જિલ્લાના એડિશ્નલ સેશન્સ જજની અદાલતમાં, મુ.નડિયાદ.**

**ફોજદારી પરચુરણ અ.નં.૬૧૦/૨૦૨૬**
**આંક–**

**અરજદારો :–** (૧) **ઈરફાનમીયા ઈબ્રાહીમ રસુલ કુરેશી (બેલીમ)**
ઉ.વ.૪૦, ધંધો–કલરકામ,
(૨) **સહીદભાઈ ઈબ્રાહીમભાઈ કુરેશી (બેલીમ)**
ઉ.વ.૩૯૦, ધંધો–કલરકામ,
બંને રહે.પહાડીયા, ટેકરા વિસ્તાર, મુ.અંગાડી,
તા.ગળતેશ્વર,જિ.ખેડા.
(સબ–જેલ,બીલોદરા, નડિયાદ)

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **સરકારશ્રી**

**વિષય :–** **<u>બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.</u>**

| | | |
|---|---|---|
| **અરજદારો તરફે** | **:** | **વિ.વ.શ્રી ટી.એન.મીર્ઝા** |
| **સામાવાળા તરફે** | **:** | **વિ.પી.પી.શ્રી ડી.સી.પ્રજાપતિ** |

**–:: ઠરાવ ::–**

(૧) અરજદાર/આરોપી દ્વારા હાલની રેગ્યુલર જામીન અરજી ભારતીય

નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ (ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૪૩૯) અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે ચાર્જશીટ ફાઈલ થયા પછી પ્રથમ વખત દાખલ કરેલ છે. અરજદાર વિરૂધ્ધ સેવાલીયા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૦૪૦૬૭૨૬૦૦૮૧/૨૦૨૬, ગુજરાત પશુ સરંક્ષણ અધિનિયમ, ૧૯૫૪ ની કલમ ૫(૧), ૫(૧)(૧એ) તથા ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૮(૨) તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ ૧૧(૧)(એલ) તથા બી.એન.એસ. કલમ–૩૨૫ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૧૯ મુજબનો ગુનો નોંધાયેલ છે.

(૨) અરજદારોએ અરજી દાખલ કરતા, સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકાર તરફે વિદ્વાન સ્પે.પી.પી.શ્રી ડી.સી. પ્રજાપતિએ હાજર થઈ તપાસના કાગળો તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું આંક–૫ થી રજુ રાખવામાં આવેલ છે. જે તમામ રેકોર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી ટી.એન. મીર્ઝાએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે તેમજ આવો કોઈ ગુનો તેઓએ આચરેલ નથી. તેમજ ચાર્જશીટ તથા તે સાથેના પેપર્સ વંચાણે લેતા અરજદારો વિરૂધ્ધ કોઈપણ પ્રથમ દર્શનીય કેસ નથી. તેમજ ગુનાવાળી જગ્યા બાબતનો આધારભુત દસ્તાવેજી પુરાવો ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. તેમજ ગુનો કરનારની ઓળખનો સંપુર્ણ અભાવ છે. કોઈ સ્પેશીફીક વર્ણન નથી અને અરજદારોની કોઈ ઓળખ પરેડ પણ કરવામાં આવેલ નથી. તમામ નીવેદનો જોતા કોઈપણના નિવેદનમાં ગુનાવાળી જગ્યાએથી લોહી મળી આવ્યાના આક્ષેપો નથી અને તપાસ કરનાર અમલદારે કબજે કરેલા મુદ્દામાલને એફ.એસ.એલ.માં મોકલેલ નથી. તેમજ ઘટના સ્થળેથી પશુના અવશાષો મળી આવેલ નથી. જેથી કતલના પ્રત્યક્ષ પુરાવા કે ચિહ્નો ન હોય ત્યાં સુધી તે જગ્યાએ કતલ કરેલાનું માની શકાય તેમ નથી.

તેમજ ચાર્જશીટ તથા તે સાથેના પેપર્સ વંચાણે લેતા ચેઈન ઓફ કસ્ટડી જણાઈ આવતી નથી. તેમજ રેડ સમયે એફ.એસ.એલ.ના અધીકારીને સ્થળ ઉપર જ બોલાવવામા આવેલ નથી, જે શંકાસ્પદ છે. સ્વતંત્ર સાહેદોના કોઈ નીવેદનો નથી ગ્રામપંચાયત કે સરપંચ કે તલાટીના કોઈ નીવેદનો નથી કે ગામના વ્યકિતઓના નિવેદન નથી. કથીત મુદ્દામાલ દફનાવ્યાની હકીકત ખૂબ જ શંકાસ્પદ છે. તેમજ અરજદાર/આરોપીઓ સામે જે ગુનાનો આક્ષેપ છે તે આક્ષેપીત ગુનામાં સજાની જોગવાઈઓ જોતા મૃત્યુ દંડ કે આજીવન કેદની સજાની જોગવાઈવાળો કેસ નથી. સદર કામે ચાર્જશીટ થઈ ગયેલ છે. જેથી તપાસના કામે અરજદારોની જરૂરીયાત પણ રહેતી નથી અને નજીકના ભવિષ્યમાં વહેલી તકે કેસ ચાલી પુર્ણ થાય તેવી કોઈ શકયતાઓ નથી. જેથી નામદાર સુપ્રીમ કોર્ટે સંજય ચંદ્રામાં જણાવેલા સિધ્ધાંતો જોતા "બેલ ઈઝ રૂલ જેલ ઈઝ એકસ્પેશન''ના સિધ્ધાતને ધ્યાનમાં લઈ અરજદાર/આરોપીઓને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા વિનંતી છે. અરજદારોએ કોઈ કહેવાતો કોઈ ગુનો આચરેલ નથી કે કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. આ કામના અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ ટ્રાયલ વખતે નીયમીત હાજર રહેવાની ખાત્રી આપે છે તેમજ પુરાવા સાથે ચેડાં કરશે નહી તેની બાંહેધરી આપે છે. અરજદાર/આરોપીઓ નાસી ભાગી જાય તેવા નથી તેમજ સ્થાવર તેમજ જંગમ મીલકતો ધરાવે છે. તેમજ અરજદારો ઉપર કૌટુંબીક જવાબદારી છે. જેથી તેઓને લાંબા સમય સુધી જેલમાં રાખવામાં આવે તો તેઓને કુટુંબના સભ્યોને ખુબજ હાડમારીનો સામનો કરવો પડે તેમ છે. અરજદાર/આરોપીઓ નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન તથા જાત મુચરકો રજૂ કરવા ખૂશી અને તૈયાર છે. જેથી અરજદાર/આરોપીઓને યોગ્ય રકમના જામીન ઉપર મૂકત કરવા ભારપૂર્વક રજૂઆત કરેલ છે.

(૪) <u>સામાવાળા શ્રીસરકાર તરફે વિદ્વાન સ્પે.પી.પી.શ્રી. ડી.સી. પ્રજાપતિ</u>

હાજર થઇ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, એફ.આઇ.આર, પોલીસ પેપર્સ અને તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા આ કામના આરોપીઓ ઇરફાન ઇબ્રાહીમ બેલીમ (કુરેશી) તથા ઇલ્યાસ મહંમદ બેલીમ (કુરેશી) તથા સહીદ ઇબ્રાહીમ બેલીમ (કુરેશી) તથા સદ્ધામ ઇસ્માઇલ બેલીમ (કુરેશી) તથા કેટલીક સ્ત્રીઓ તથા પુરૂષોઓએ યોગ્ય સત્તા અધિકારીના પ્રમાણપત્ર સિવાય ગેરકાયદેસર નિર્દેષ્ટ કરેલી જગ્યા સિવાય પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ગૌવંશનુ કટીંગ કરી ગૌવંશના માંસ આશરે ૮૦૦ કિ.ગ્રા. કિ.રૂા.૧,૩૬,૦૦૦/- તથા કતલ કરેલ ગૌવંશના ચામડા નંગ-૦૮ જે એક નંગ ચામડાની કિ.રૂા.૩૫૦/- લેખે કુલ કિં.રૂા.૨૮૦૦/- તથા ૫૦ કોથળાઓમાં ભરેલ હાડકાઓ તથા સિંગડાઓ જેની કિ.રૂા.૫૦૦૦/- તથા લાકડાના મોટા ટેબલા નંગ ૨ જેની આશરે કિ.રૂા.૧૦૦/- તથા લોખંડના મોટા છરા નંગ ૫ કિ.રૂા.૫૦૦/- તથા લાકડાના હાથાવાળી છરીઓ નંગ-૧૫ કિ.રૂા.૭૫૦/- તથા ડીસમીસ જેવા સળીયા નંગ-૨ કિ.રૂા.૫૦/- તથા લોખંડનો સાદો વજન કાંટો નંગ-૧ આશરે કિ.રૂા.૫૦૦ તથા લોખંડના વજનીયા નંગ-૬ આશરે કિ.રૂા.૫૦૦/- તથા દોરડા નંગ-૩ કિ.રૂા. ૩૦/- તથા પ્લાસ્ટીકની કાળા કલરની કોથળીઓ આશરે નંગ-૧૦૦ કિ.રૂા.૦૦/- મળી કુલ્લે કિ.રૂા.૧,૪૬,૨૩૦/- ના મુદ્ધામાલ રાખી પો લીસ રેઇડ દરમ્યાન પોલીસને જોઇ સ્થળ ઉપરથી નાસી જઈ નહીં મળી આવી ગુનો કરેલાનો આક્ષેપ છે અને તપાસના અંતે અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઇલ થયેલ છે. અરજદારે હાલની જામીન અરજી ચાર્જશીટ ફાઇલ થયા બાદ કરેલ છે. અરજદાર/આરોપીઓ સામે પ્રથમદર્શનીય કેસ હોય તપાસનાં અંતે ચાર્જશીટ ફાઇલ થયેલ છે અને ચાર્જશીટ ફાઇલ થઇ જવાથી કેસનાં સંજોગોમાં કોઇ ફેર પડતો નથી અને ચાર્જશીટ ફાઇલ થવા માત્રથી અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરી શકાય નહી. અરજદારો/આરોપીઓ સામે પ્રથમદર્શનીય કેસ છે. અરજદાર/

આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આવા ગુના કરે તે હકીકત નકારી શકાય નહી. તે સંજોગોમાં અરજદાર/ આરોપીઓની જામીન અરજી રદ કરવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆત, અરજીમાં જણાવેલ હકીકતો, આંક–૩ ના લીસ્ટ સાથે રજૂ કરવામાં આવેલ ફરિયાદ તથા ચાર્જશીટની નકલ ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લીધુ. ફરિયાદ તથા સોગંદનામામાં જણાવ્યા મુજબ હાલના ગુનાના અરજદાર/આરોપીઓ અન્ય આરોપીઓ તથા કેટલીક સ્ત્રી તથા પુરૂષો સાથે મળી યોગ્ય સત્તા અધિકારીના પ્રમાણપત્ર સિવાય ગેરકાયદેસર નિર્દિષ્ટ કરેલી જગ્યા સિવાય પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ગૌવંશનું કટીંગ કરી ગૌવંશના માંસ, ચામડા, હાડકા તથા સિંગડાઓ, લાકડાના મોટા ટેબલો, લોખંડના મોટા છરા તથા છરીઓ, ડીસમીસ જેવા સળીયા, લોખંડનો વજનકાંટો તથા વજનીયા, દોરડા તથા પ્લાસ્ટીકની કોથળીઓ વિગેરે કુલ કિં.રૂા.૧,૪૬,૨૩૦/– ના મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમિયાન પોલીસને જોઈ સ્થળ ઉપરથી નાસી જઈ ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૫.૧) ઉપરોકત વિગતે હાલના કેસની હકીકતો સાથે એ હકીકત ધ્યાને લેવી અનિવાર્ય છે કે, જામીન અરજીના તબક્કે તમામ પુરાવાના ગુણદોષ અંગેની ચર્ચા અસ્થાને છે. તે અંગે નીચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લઈએ તો: 2009(1)**GLR 734, N.V.Chauhan Vs. State TYF** 2002(3) **GLR** 2288, **Laxmanbhai Gadhavi Vs. State,** માં પ્રસ્થાપિત કરેલ છે કે, while deciding bail application, detailed discussion on merit and appreciation of evidence would notbe permissible and Court should not discuss the material in detail or should not give their verdict on merit while decidingthe bail application.

(૫.૨)વધુમાં, અત્રે એ ઉલ્લેખનિય છે કે, **ભગીરથસિંહ જાડેજા વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત A.I.R., 1984, S.C. Page No. 372 . R., 1984, S.C. Page No. 372 ., 1984, S.C. Page No. 372 .C. Page No. 372 . Page No. 372 તથા લક્ષ્મીબેન બી. સોલંકી વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭ (૩) G.L.H., Page No. 369 તથા ભાવેશભાઈ રમેશભાઈ પટેલ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય**માં ઠરાવેલા પ્રસ્થાપિત સિદ્ધાંતો નજર સમક્ષ રાખતા તથા આ કામના આક્ષેપિત અરજદાર વિરૂદ્ધનો કેસની હકીકતો જોતાં પ્રસ્તુત કામનું ટ્રાયલ ક્યારે શરૂ થશે? તેમજ ક્યારે પૂર્ણ થશે? તે અંગે અનિશ્ચિતતા પ્રતિત થતી હોય, તેવા સંજોગોમાં મુખ્યત્વે જામીનનો હેતુ તે "Punitive" તથા "Preventive" નથી, તે હકીકત ધ્યાને રાખતાં, જયારે **Sanjay Chandra V/s. CBI, 2012(1) SCC Page No. 40** માં ઠરાવેલ માર્ગદર્શક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ જામીનનો મુખ્ય ઉદ્દેશ ટ્રાયલ વખતે આરોપીની હાજરી સુનિશ્ચિત/સુરક્ષિત કરવાનો છે, જેથી જામીન મંજૂર કરવા તે "નિયમ" છે તથા જેલમાં મોકલવા તે "અપવાદ" છે. તેમજ જામીનનો ઈન્કાર કરવો તે ભારતીય બંધારણની અનુચ્છેદ કલમ-૨૧ તથા કલમ-૧૪ હેઠળ વ્યક્તિ સ્વાતંત્રતા અંગે મૂળભૂત અધિકારો આપેલા છે તેના ઉપર અંકુશ રાખવા બરોબર હોય, જેથી અચોક્કસ સમય સુધી વ્યક્તિને કસ્ટડીમાં રાખવા તે ભારતીય બંધારણની અનુચ્છેદ કલમ-૨૧ તથા કલમ-૧૪ ના ભંગ સમાન ગણાય. આ સંજોગોમાં **ગુન્હાનો પ્રકાર, સજાની જોગવાઈ તથા આરોપીનો રોલ ધ્યાને લેતાં**, જો ચોક્કસ તથા કડક શરતોને આધીન અરજદારને જામીન ઉપર છોડવામાં આવશે તો ન્યાયનો ઉમદા હેતુ સિદ્ધ થાય તેમ છે.

(૬) આમ, બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆત તથા રેકર્ડ ધ્યાને લેતા હાલના કેસમાં આરોપીઓ વિરૂદ્ધ તહોમત નં.૧૪/૨૦૨૬, તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ ચાર્જશીટ દાખલ થયેલ છે. આરોપીઓની ચાર્જશીટ દાખલ થયા બાદની આ પ્રથમ જામીન અરજી છે. ચાર્જશીટની નકલ ધ્યાને લેતા આરોપીઓ તા.૨૦/૦૩/૨૦૨૬

થી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. કેસની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. કેસ કમીટ કરી સેશન્સ કોર્ટને કમીટ કરવામાં આવેલ નથી. ચાર્જશીટની નકલ ધ્યાને લેતા ૧૫ સાહેદો છે. આથી ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગે તેમ છે. આ સંજોગોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટનો **N.V.Chauhan Vs. State (Supra)** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો ધ્યાને લેતા જામીન અરજીના તબકકે પુરાવાની વિશેષ ચર્ચા અસ્થાને છે. આ તમામ હકીકતે અરજદાર/આરોપીઓની તરફેણમાં ડીસ્ક્રેશન વાપરી અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલત માને છે. તે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) અરજદાર/આરોપી **(૧) ઇરફાનમીયા ઇબ્રાહીમ રસુલ કુરેશી (બેલીમ), (૨) સહીદભાઇ ઇબ્રાહીમભાઇ કુરેશી (બેલીમ)** (સબ–જેલ,બીલોદરા, નડિયાદ) ની હાલની આ ફોજદારી પરચૂરણ અરજી નં.૬૧૦/ ૨૦૨૬ મંજૂર રાખવામાં આવે છે.

(૨) સેવાલીયા પોલીસ સ્ટેશન ગુના રજિસ્ટર નં.૧૧૨૦૪૦૬૭૨ ૬૦૦૮૧/૨૦૨૬, ગુજરાત પશુ સરંક્ષણ અધિનિયમ, ૧૯૫૪ ની કલમ ૫(૧), ૫(૧)(૧એ) તથા ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૮(૨) તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ ૧૧(૧)(એલ) તથા બી.એન.એસ. કલમ–૩૨૫ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૧૯ મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીઓએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

/૧/ અરજદાર/આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે સાક્ષી પુરાવા તોડવા, ફોડવા પ્રયત્ન કરવો નહીં.

/૨/ અરજદાર/આરોપીઓએ તેમની વિરૂદ્ધના કેસનો આખર નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

/૩/ અરજદાર/આરોપીઓએ પાસપોર્ટ ધરાવતા હોય તો સંબંધિત કોર્ટમાં દિન-૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું રજુ કરવું.

/૪/ અરજદાર/આરોપીઓએ ટ્રાયલ દરમિયાન નિયમિત રીતે હાજર રહેવું.

/૫/ અરજદાર/આરોપીઓએ તેમના રહેણાંકનું પૂરું સરનામું મોબાઈલ નંબર સાથે લેખિત સોગંદનામાથી સંબંધિત કોર્ટમાં તથા તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવું અને હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહીં.

/૬/ અરજદાર/આરોપીએ આ પ્રકારના અન્ય કોઈ ગુનામાં સંડોવાવું નહીં.

/૭/ જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

સંબંધિત કોર્ટ/પોલીસ સ્ટેશન/સેન્ટ્રલ જેલને જરૂરી યાદી/ઈ-મેઈલ કરવી.

આજરોજ તારીખ ૦૪ થી, માહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ચુકાદો ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૪/૦૬/૨૦૨૬** **(હેમાંગ અશ્વિનભાઈ ત્રિવેદી)**

**સ્થળ: નડીયાદ.** **અધિક સેશન્સ જજ, નડીયાદ**

**કોડ નં. GJ00591**

(આઈ.સી.જાંબુકીયા)